પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૨૯ અંક : ૨૬૨ કુલ પાના : ૪ તારીખ : ૨૯-૦૬-૨૦૨૬ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ભારત વિવિધ ક્ષેત્રોમાં સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યું છે, અને તેના નાગરિકોની મહેનત અને નવીનતા તેની સૌથી મોટી શક્તિ છે: પીએમ મોદી

## 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતના ૧૩૫મા એપિસોડ દ્વારા રાષ્ટ્રને સંબોધિત કર્યું'

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતના ૧૩૫મા એપિસોડ દ્વારા રાષ્ટ્રને સંબોધિત કર્યું. આ કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો, દૂરદર્શન અને વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ પર પ્રસારિત કરવામાં આવ્યો હતો. મન કી બાત પ્રધાનમંત્રી અને જનતા વચ્ચે સીધા સંચારનું માધ્યમ બની ગયું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ "મન કી બાત" ના ૧૩૫મા એપિસોડ દ્વારા દેશ અને વિશ્વભરના ભારતીયો સાથે ફરી એકવાર વાતચીત કરી રહ્યા છે. આ કાર્યક્રમને લઈને લોકોમાં ઘણો ઉત્સાહ છે, જે સવારે ૧૧ વાગ્યે પ્રસારિત થાય છે. છેલ્લા ઘણા વર્ષોથી, "મન કી બાત" પ્રધાનમંત્રી અને જનતા વચ્ચે સીધા સંદેશાવ્યવહાર માટે એક મહત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે.

તેમણે જણાવ્યું હતું કે સફળતાઓ આત્મનિર્ભર ભારત તરફ દેશની યાત્રાને વધુ મજબૂત બનાવે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત વિવિધ ક્ષેત્રોમાં સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યું છે, અને તેના નાગરિકોની મહેનત અને નવીનતા તેની સૌથી મોટી શક્તિ છે. તેમણે જણાવ્યું હતું કે દેશની સિદ્ધિઓ ફક્ત સરકારનું પરિણામ નથી, પરંતુ ૧.૪ અબજ ભારતીયોના સામૂહિક પ્રયાસો છે, જે ભારતને વિકાસની નવી દિશામાં ઝડપથી આગળ ધપાવી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ફરી એકવાર સમગ્ર વિશ્વને એક કર્યું છે. તેમણે સમજાવ્યું કે વિશ્વભરમાં ૨,૫૦૦ થી વધુ સ્થળોએ વિવિધ યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે ભારતમાં



લાખો લોકોએ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. પીએમ મોદીએ અમદાવાદમાં યોજાયેલી વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ભારતે આ સ્પર્ધામાં કુલ ૧૧૪ મેડલ જીત્યા હતા, જેમાં ૧૦૨ ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. મેડલ ટેલીમાં ભારત પ્રથમ ક્રમે છે.

પીએમ નરેન્દ્ર મોદીએ તેમના "મન કી બાત" કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લાના બહાદુરપુરા ગામના પેઠકર પરિવારની પ્રશંસા કરી. પીએમ મોદીએ કહ્યું કે આ પરિવારે તેમના ઘરે લગ્ન પ્રસંગે ખુશીઓ વહેંચવાનો અનોખો નિર્ણય લીધો. પરિવારે ગામના આશરે ૩,૫૦૦ લોકો માટે અકસ્માત વીમાની વ્યવસ્થા કરી. દરેક વ્યક્તિને ૧ લાખ રૂપિયાનું વીમા કવચ આપવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ પહેલ સમાજ માટે પ્રેરણાદાયક છે, કારણ કે તે જરૂરિયાતના સમયે પરિવારને નાણાકીય સહાય પૂરી પાડી શકે છે. કેન્દ્ર સરકારની સામાજિક સુરક્ષા યોજનાઓનો ઉલ્લેખ કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સસ્તી વીમા યોજનાઓ દેશના લાખો પરિવારોને નાણાકીય સુરક્ષા પૂરી પાડી રહી છે. તેમણે જણાવ્યું કે સરકારનો ધ્યેય સમાજના દરેક વર્ગને આ સલામતી જાળ પૂરી પાડવાનો છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના "મન કી બાત" કાર્યક્રમમાં આસામની હરગીલા આર્મી અને જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવી બર્મનના પ્રયાસોની પ્રશંસા કરી. પીએમ મોદીએ કહ્યું કે આસામમાં જોવા મળતું એક દુર્લભ પક્ષી હરગીલા પ્રકૃતિને સ્વચ્છ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ લાંબા સમય સુધી તેને અશુભ માનવામાં આવતું હતું. ઘણા લોકોએ તે વૃક્ષો પણ કાપી નાખ્યા જેના પર આ પક્ષી માળા બનાવે છે.

પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવી બર્મને આ માનસિકતા બદલવાનો સંકલ્પ કર્યો. તેમણે વૈજ્ઞાનિક તથ્યોના આધારે મહિલાઓ અને ગ્રામજનોમાં જાગૃતિ લાવી. ધીમે ધીમે, મોટી સંખ્યામાં મહિલાઓ આ અભિયાનમાં જોડાઈ, અને એક મોટો સામાજિક પરિવર્તન શરૂ થયો.મોદીએ કહ્યું કે આજે હજારો ગ્રામીણ મહિલાઓ હરગીલા પક્ષીના સંરક્ષણ માટે કામ કરી રહી છે અને તેમને હરગીલા આર્મી તરીકે ઓળખવામાં આવે છે. તેમણે કહ્યું કે આ મહિલાઓએ અંધશ્રદ્ધા તોડી છે, સમાજમાં જાગૃતિ લાવી છે અને સાબિત કર્યું છે કે યોગ્ય માહિતીથી વર્ષો જૂની વિચારસરણી પણ બદલી શકાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના "મન કી બાત" કાર્યક્રમ દરમિયાન નાગાલેન્ડની પાયાની રમતગમત પહેલની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે "નાગાલેન્ડ બેબી લીગ" અને "નાગાલેન્ડ મહિલા ફૂટસલ લીગ" યુવા ખેલાડીઓને ખીલવા માટે ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડી રહી છે. પીએમ મોદીએ સમજાવ્યું કે "નાગાલેન્ડ બેબી લીગ" વધુ બાળકોને ફૂટબોલ સાથે જોડવા માટે શરૂ કરવામાં આવી હતી. ૫ થી ૧૨ વર્ષની વયના છોકરાઓ અને છોકરીઓ આ લીગમાં ભાગ લઈ શકે છે. આ લીગ હવે ત્રણ વર્ષ પૂર્ણ કરી ચૂકી છે અને બાળકો પર સકારાત્મક અસર પડી છે.

પ્રધાનમંત્રીએ "નાગાલેન્ડ મહિલા ફૂટસલ લીગ" નો પણ ઉલ્લેખ કર્યો. તેમણે સમજાવ્યું કે ફૂટસલ, જેને ઈન્ડોર ફૂટબોલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં પ્રતિ ટીમ ફક્ત પાંચ ખેલાડીઓનો સમાવેશ થાય છે. પીએમ મોદીએ કહ્યું કે આ લીગ રાજ્યની દીકરીઓને તેમની પ્રતિભા દર્શાવવા અને રમતગમતમાં આગળ વધવાની અદ્ભુત તક પૂરી પાડે છે.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારતથી હજારો કિલોમીટર દૂર રહીને ભારતીય પરંપરાઓ શીખવા અને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો ખૂબ પ્રેરણાદાયક છે. તેમણે બ્રહ્મકમલ ડોમિનિકાનાના તમામ સભ્યોને શુભેચ્છાઓ પણ પાઠવી.

# જૂનાગઢમાં મંડળીના નામે કૌભાંડ: ખાંભા ગામે મરેલા માણસોના નામે બોગસ મંડળી બનાવી ટેકાના ભાવે ખરીદીનું કૌભાંડ

જૂનાગઢ

ગુજરાતના સહકારી ક્ષેત્રને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ખાંભા ગામેથી સામે આવી છે. અહીં ખેડૂતો અને મૃત્યુ પામેલા વ્યક્તિઓના નામે એક આખી 'બોગસ સહકારી મંડળી' ઊભી કરીને કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટના બહાર આવતા જ સમગ્ર પંથકના ખેડૂતોમાં વહીવટી તંત્ર અને કૌભાંડીઓ સામે ભારે રોષ વ્યાપી ગયો છે.

કૌભાંડીઓએ સ્થાનિક ખેડૂતો જાણ બહાર તેમની નકલી અને ખોટી સહીઓ કરીને કાગળ પર મંડળી તૈયાર કરી લીધી હતી. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે જે વ્યક્તિઓ વર્ષો પહેલાં મૃત્યુ પામ્યા છે, તેમના નામો પણ આ



બોગસ મંડળીના સભાસદોની યાદીમાં સામેલ કરી દેવાયા હતા! ગામના આશરે ૧૦૦ જેટલા ખેડૂતોને ખબર પણ નહોતી કે તેઓ કોઈ મંડળીના સભાસદ છે. તેમની જાણ બહાર જ તેમના નામે દસ્તાવેજો બનાવી દેવાયા હતા. અને કૌભાડ આચરવામાં આવ્યું હતું.

આ આખા મંડળી કૌભાંડના કેન્દ્રમાં ભાજપના કાર્યકર અને પૂર્વ તાલુકા પ્રમુખ રહી ચુકેલા નીતિન કપૂરીયાનું નામ સામે આવ્યું છે. સ્થાનિક ખેડૂતો દ્વારા તેમના પર સીધા અને ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ આરોપ છે કે, નીતિન કપૂરીયાએ સત્તા અને હોદ્દાનો દુરુપયોગ કરીને આ આખું ગેરકાયદેસર નેટવર્ક ઊભું કર્યું હતું અને ખેડૂતોના હકના નાણાં સેરવી લીધા હતા.

આ બોગસ મંડળી માત્ર કાગળ પર જ નહી, પરંતુ તેના નામે સરકારની 'ટેકાના ભાવે ખરીદી' ની યોજનાઓનો પણ ગેરલાભ લેવામાં આવ્યો છે. આ નકલી મંડળીએ સરકાર સમક્ષ ખેડૂતોના નામે ટેકાના ભાવે ખરીદીઓ દર્શાવીને લાખો રૂપિયાનું કૌભાંડ આચર્યું હોવાનો ખુલાસો થયો છે. વર્ષ ૨૦૨૩થી ચાલી રહેલા આ કાળા કારોબારનો ભાંડો ફૂટ્યો છે.આ બોગસ સહકારી મંડળી કૌંભાડમાં એવા વ્યક્તિઓના નામ અને સહી સામેલ કરવામાં આવ્યા હતા કે જે વર્ષ ૨૦૧૭ માં મૃત્યુ પામ્યા હતા. ત્યારે ખેડૂતોએ હવે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ અને કૌભાંડીઓ સામે કડક કાનૂની કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.જો ન્યાયિક કાર્યવાહી નહી કરવામાં આવે આવે તો ઉપવાસ, આંદોલન કરવાની પણ ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે.

# પાલનપુરની ૮ વર્ષની દીકરીની કમાલ: માત્ર ૭ દિવસમાં સર કર્યો એવરેસ્ટ બેઝ કેમ્પ

બનાસકાંઠા

બનાસકાંઠાના પાલનપુરની માત્ર ૮ વર્ષની દીકરી નિક્ષા બારોટે વિશ્વપ્રસિદ્ધ માઉન્ટ એવરેસ્ટ બેઝ કેમ્પ ટ્રેક સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક અસાધારણ અને પ્રેરણાદાયક સાહસિક સિદ્ધિ પોતાના નામે કરી છે. અનુભવી એવરેસ્ટર નિશાના કુશળ માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ વિશિષ્ટ અભિયાનમાં માત્ર નિક્ષાએ ભાગ લીધો હતો.

૧૬ મેથી શરૂ થયેલી આ કપરી યાત્રા દરમિયાન નિક્ષાએ હિમાલયના કઠિન માર્ગો, અતિશય ઊંચાઈ, હાડ થીજવતી ઠંડી અને બદલાતા હવામાનના પડકારો વચ્ચે પણ હિંમત હાર્યા વગર આ ટ્રેક પૂર્ણ કર્યો હતો. ૧૬ મે ૨૦૨૬ના રોજ કાઠમંડુથી લુકલા પહોંચ્યા બાદ આ રોમાંચક ટ્રેકિંગની શરૂઆત થઈ હતી.ટ્રેકના પ્રથમ દિવસે પાખડિંગ અને ત્યારબાદ નામચે બજાર સુધીની યાત્રા કરવામાં આવી હતી. જ્યાં શરીરને ઊંચાઈવાળા વાતાવરણને અનુકૂળ (એક્લિમેટાઈઝેશન) બનાવવા માટે એક દિવસનો વિરામ રાખવામાં આવ્યો હતો. ત્યાંથી આગળ વધીને નિક્ષા ટેંગબોચે, ડિંગબોચે, લોબુચે અને ગોરક્ષેપ જેવા અત્યંત દુર્ગમ વિસ્તારો પાર કરીને આખરે ૨૨ મેના રોજ એવરેસ્ટ બેઝ કેમ્પ સુધી પહોંચવામાં સફળ રહી હતી.

લુકલા ખાતે આશરે ૨,૮૬૦મીટરથી શરૂ થયેલી આ યાત્રા બેઝ કેમ્પના આશરે ૫,૩૬૪મીટર (૧૭,૫૯૮ ફૂટ)ની ઊંચાઈએ પૂર્ણ થઈ હતી.આ સમગ્ર અભિયાન અંદાજે ૧૩૦ કિલોમીટરથી વધુનું રહ્યું હતું, જેને નિક્ષાએ માત્ર એક સપ્તાહમાં પૂર્ણ કરીને અનોખો રેકોર્ડ બનાવ્યો છે. આ ટ્રેક દરમિયાન તેને માઈનસ ડિગ્રી ઠંડી, ઓક્સિજનની ઓછી માત્રા, પથ્થરીલા અને જોખમી રસ્તાઓ લાંબા સમય



સુધી ટ્રેકિંગ કરવા જેવા અનેક કઠિન પડકારોનો સામનો કરવો પડ્યો હતો. આ અભિયાનની સૌથી મોટી વિશેષતા એ રહી કે, નિક્ષાએ બેઝ કેમ્પ પર પહોંચીને યોગ કર્યા હતા અને ગર્વભેર રાષ્ટ્રગાન ગાઈને ત્યાં ઉપસ્થિત લોકોમાં દેશભક્તિનો અનોખો માહોલ સર્જી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે, નિક્ષા બારોટ નાની ઉંમરથી જ સાહસિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી છે. આ પહેલાં માત્ર ૬ વર્ષની ઉંમરે તેણે ઉત્તરાખંડનો કઠિન 'કેદારકાંઠા ટ્રેક' સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ તેણે અરુણાચલ પ્રદેશથી ગુજરાત સુધીની અંદાજે ૪,૫૫૬ કિલોમીટર લાંબી **"Pedal to Plant"** સાયકલ યાત્રામાં ભાગ લઈ વૃક્ષારોપણનો સંદેશ આપ્યો હતો. આ પ્રશંસનીય પર્યાવરણીય કામગીરી બદલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તેને જિલ્લા સ્તરે સન્માનિત પણ કરવામાં આવી હતી. અને હવે એવરેસ્ટ બેઝ કેમ્પ ટ્રેક તેની સાહસિક સફરનું વધુ એક ગૌરવશાળી છોગું બન્યું છે.જોકે નિક્ષાની આ સિદ્ધિને લઈને તેના માતા-પિતા અને જિલ્લાવાસીઓ ગર્વ લઈ રહ્યા છે.

## આપના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં છોટા ઉદેપુર અને અમરેલીના લાઠીમાં આપની વિરોધ રેલી





છોટાઉદેપુર

ડેડીયાપાડાના આમ આદમી પાર્ટી ના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા ૭ વર્ષની સજા ફટકારવામાં આવતા જ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ ચુકાદાના વિરોધમાં આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં દેખાવો કરવામાં આવ્યા છે, જેના ભાગરૂપે છોટા ઉદેપુર અને અમરેલીના લાઠી ખાતે આપના કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા.

છોટાઉદેપુર ખાતે ચૈતર વસાવાના સમર્થનમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના પેટ્રોલ પંપ ચોકડીથી શરૂ થઈ ગાંધીજીની પ્રતિમા અને ત્યારબાદ બાબા સાહેબ આંબેડકર સર્કલ થઈને બિરસા મુંડા નગરપાલિકા સુધી પહોંચી હતી. રેલીમાં જોડાયેલા સેંકડો કાર્યકરો અને આદિવાસી સમર્થકોએ ચૈતર વસાવાના સમર્થનમાં નારા લગાવ્યા હતા અને કોર્ટના ચુકાદા સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

બીજી તરફ અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં પણ આમ આદમી પાર્ટી દ્વારા મુખ્ય બજારમાં વિરોધ રેલી કાઢવામાં આવી હતી. લાઠી અને બાબરા સહિતના વિસ્તારના 'છછઁ'ના આગેવાનો અને કાર્યકરો આ રેલીમાં મોટી સંખ્યામાં જોડાયા હતા.

આપના આગેવાનોના ગંભીર આક્ષેપો કે, ભાજપ સરકારે રાજકીય કિન્નાખોરી રાખીને ધારાસભ્ય ચૈતર વસાવા સામે ખોટા કેસો કરીને તેમને ફસાવ્યા છે. આ દરમિયાન કાર્યકરોએ 'બંધ કરો બંધ કરો, તાનાશાહી બંધ કરો'ના ગગનભેદી નારા લગાવીને સરકાર સામે આક્રોશ ઠાલવ્યો હતો.

આમ આદમી પાર્ટીના પ્રદેશ કક્ષાના આગેવાનોનું કહેવું છે કે, ચૈતર વસાવા આદિવાસીઓનો મોટો અવાજ છે અને તેમને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ મામલે આગામી દિવસોમાં કાનૂની લડતની સાથે-સાથે સમગ્ર રાજ્યમાં જનઆંદોલન અને વધુ ઉગ્ર વિરોધ કાર્યક્રમો પણ યોજવામાં આવી શકે છે.

## જો યુદ્ધવિરામનો ભંગ થશે, તો તે વિશ્વના નકશા પરથી ભૂંસી નાખવામાં આવશે, ટ્રમ્પની ઈરાનને નષ્ટ કરવાની ધમકી





વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાન પર હુમલો કરવાની ધમકી આપી છે. તેમણે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રૂથ સોશિયલ પર સીધા વિનાશની ચેતવણી આપી છે. ટ્રમ્પે અહેવાલ આપ્યો છે કે યુએસ વિમાનોએ ઈરાની મિસાઈલ અને ડ્રોન બેઝ તેમજ દરિયાકાંઠાના રડાર સાઈટ્સ પર હુમલો કર્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, "યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવા બદલ, યુએસ વિમાનોએ ફરી એકવાર ઈરાની મિસાઈલ અને ડ્રોન સ્ટોરેજ સુવિધાઓ અને દરિયાકાંઠાના રડાર સ્થળો પર હુમલો કર્યો છે!... એવો સમય આવી શકે છે જ્યારે આપણે હવે વિવેકનો ઉપયોગ કરી શકીશું નહીં અને લશ્કરી રીતે આપણે સફળતાપૂર્વક શરૂ કરેલા કાર્યને પૂર્ણ કરવાની ફરજ પાડવામાં આવશે. જો આવું થાય, તો ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનનું અસ્તિત્વ ખતમ થઈ જશે!"

મધ્ય પૂર્વમાં માત્ર બે અઠવાડિયા પહેલા થયેલ શાંતિ કરાર સંપૂર્ણપણે તૂટી ગયો છે. હોર્મુઝ સ્ટ્રેટ નજીક એક તેલ ટેન્કર પર ડ્રોન હુમલા બાદ, યુએસએ શનિવારે સતત બીજા દિવસે ઈરાન પર મોટો લશ્કરી હુમલો કર્યો. આ લશ્કરી કાર્યવાહી બાદ તરત જ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ચેતવણી આપી.

યુએસ સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, ઈરાન દ્વારા સતત બીજી વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યા પછી યુએસએ આ કાર્યવાહી કરી. ગુરુવારે, ઈરાને કાર્ગો જહાજ "સ/ફ એવર લવલી" ને નિશાન બનાવ્યું, જેના કારણે શુક્રવારે યુએસએ હવાઈ હુમલો કર્યો. યુએસએ ઈરાનને સ્વસ્થ થવા માટે સમય આપ્યો, પરંતુ શનિવારે સવારે, ઈરાની દળોએ પનામા-ધ્વજવાળા તેલ ટેન્કર એમ ટી કિકુ" પર આત્મઘાતી ડ્રોનથી હુમલો કર્યો. આ ટેન્કરમાં ૨૦ લાખ બેરલથી વધુ ક્રૂડ ઓઈલ હતું.

ટ્રમ્પના સીધા આદેશ પર, યુએસ ફાઈટર જેટ્સે ફરીથી ઈરાનના મિસાઈલ-ડ્રોન સ્ટોરેજ અને કોસ્ટલ રડાર સાઈટ્સને નિશાન બનાવ્યા. આ દરમિયાન, ઈરાનના સિરિક ટાપુ અને કેશમ ટાપુ પરના એક ગામમાં મોટા વિસ્ફોટો સાંભળવામાં આવ્યા. હુમલાના થોડીવાર પછી, રાષ્ટ્રપતિ ટ્રમ્પે "ટ્રૂથ સોશિયલ" પર ઈરાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખવાની ધમકી આપી.

## પીએમ મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન પી.વી. નરસિંહ રાવને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી



નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન પી.વી. નરસિંહ રાવને તેમની ૧૦૫મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. વડા પ્રધાન મોદીએ દેશની પ્રગતિમાં તેમના યોગદાનને યાદ કર્યું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન પી.વી. નરસિંહ રાવને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ કહ્યું કે નરસિંહ રાવ હંમેશા તેમના નેતૃત્વ અને બૌદ્ધિક કૌશલ્ય માટે યાદ રહેશે. આપણી સરકાર માટે ગર્વની વાત છે કે આપણે આ વર્ષની શરૂઆતમાં પી.વી. નરસિંહ રાવને રાષ્ટ્ર માટેના તેમના સમૃદ્ધ યોગદાનને માન્યતા આપીને ભારત રત્નથી સન્માનિત કર્યા.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "હું ભૂતપૂર્વ વડા પ્રધાન પી.વી. નરસિંહ રાવ ગારુને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમને તેમના ચતુર નેતૃત્વ અને શાણપણ માટે યાદ કરવામાં આવે છે. આપણી સરકાર માટે સન્માનની વાત છે કે આપણે આ વર્ષની શરૂઆતમાં તેમને ભારત રત્નથી સન્માનિત કર્યા, રાષ્ટ્ર માટેના તેમના સમૃદ્ધ યોગદાનને માન્યતા આપી."

પીએમ મોદીએ લખ્યું કે નરસિંહ રાવે ભારતના ઈતિહાસના નિર્ણાયક સમયગાળા દરમિયાન ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમણે એક સક્ષમ પ્રશાસક તરીકે પોતાની છાપ છોડી. તેઓ એક વિદ્વાન પણ હતા અને ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિનું ઊંડું જ્ઞાન અને સમજ ધરાવતા હતા.

અગાઉ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું હતું કે, "હું ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન, 'ભારત રત્ન' પીવી નરસિંહ રાવને તેમની જન્મજયંતિ પર હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. દેશની અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવા અને સામાન્ય માણસના જીવનને સરળ બનાવવાના તમારા નવીન પ્રયાસો માટે તમને હંમેશા યાદ કરવામાં આવશે."

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે પોસ્ટ કર્યું, "લોકપ્રિય રાજકારણી અને ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન, 'ભારત રત્ન' પીવી નરસિંહ રાવને તેમની જન્મજયંતિ પર મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ. દેશના અર્થતંત્રને પુનર્જીવિત કરવાના તમારા નવીન પ્રયાસો માટે તમને હંમેશા યાદ કરવામાં આવશે."

## આરએસએસ સભ્યપદ હવે વધી ગયું છે, પરંતુ અહીં સારા લોકોની અછત છે:કૈલાશ વિજયવર્ગીય

ભોપાલ

મધ્યપ્રદેશ સરકારમાં શહેરી વિકાસ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા કૈલાશ વિજયવર્ગીયનું એક નિવેદન હેડલાઈન્સમાં છે. તેમણે શનિવારે ભોપાલમાં આયોજિત એક કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (**RSS**) વિશે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. વિજયવર્ગીયએ કહ્યું કે ઈજીજી સભ્યપદ હવે વધી ગયું છે. પરંતુ અહીં સારા લોકોની અછત છે. સરકાર સત્તામાં આવ્યા પછી, દરેક અધિકારી દાવો કરે છે કે, "હું ઈજીજીનો છું. હું ઈજીજી શોર્ટ્સ અને ઈજીજીનો બેન્ડ પહેરું છું." મંત્રી કૈલાશ વિજયવર્ગીયનું આ નિવેદન રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયું છે.

કૈલાશ વિજયવર્ગીયએ અધિકારીઓના ઈજીજી પ્રત્યેના પ્રેમ પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે ઈજીજી એક વિશાળ સંગઠન બની ગયું છે, પરંતુ તેના વિસ્તરણમાં પરિસ્થિતિનો લાભ લેવા માંગતા લોકોની સંડોવણી પણ વધી છે. ભાજપ સરકાર સત્તામાં આવ્યા પછી આ વધુ ગંભીર બન્યું છે. હવે બધા ઈજીજી ની નજીક હોવાનો દાવો કરે છે. સરકારી અધિકારીઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, "હવે સરકારમાં જોડાનાર દરેક અધિકારી કહે છે, 'હું પણ ઈજીજી નું બેન્ડ અને શોર્ટ્સ પહેરું છું.' એક અધિકારીએ મને એકવાર કહ્યું હતું કે મારા પિતા ઈજીજી ની બેઠકોમાં હાજરી આપતા હતા. બીજા એક અધિકારીએ કહ્યું હતું કે મારા પિતા ઈજીજી ના પ્રમુખ હતા. દરેક વ્યક્તિ ઈજીજી સાથે પોતાનું જોડાણ હોવાનો દાવો કરવા માંગે છે."

કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું, "ભલે સંગઠન વિસ્તરી રહ્યું છે અને તેની વિચારધારા ફેલાઈ રહી છે, પણ સંગઠનમાં લોકોની ગુણવત્તા પર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. ઈજીજી સારા લોકોથી ભરેલું છે, પરંતુ સારા લોકોની સંખ્યા ઘટી રહી છે. પહેલા ખરેખર સારા લોકો હતા. સંગઠન વિસ્તરી રહ્યું છે, વિચારધારા ફેલાઈ રહી છે, પરંતુ જો સારા લોકો ન હોય તો વિચારધારાનું મૂલ્ય શું છે? આપણે આ વિશે ગંભીરતાથી વિચારવાની જરૂર છે." શાલીગ્રામ તોમરની સ્મૃતિમાં આયોજિત એક કાર્યક્રમમાં કૈલાશ વિજયવર્ગીયનું નિવેદન આપવામાં આવ્યું હતું, અને તે ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું. નોંધપાત્ર વાત એ છે કે, આ કાર્યક્રમમાં સરકાર અને સંગઠન સાથે સંકળાયેલા ઘણા નેતાઓ હાજર હતા. પરિણામે, વિજયવર્ગીયના નિવેદનનું અલગ રીતે અર્થઘટન કરવામાં આવી રહ્યું છે.

રાજકીય વિશ્લેષકો કૈલાશ વિજયવર્ગીયના નિવેદનનું અલગ રીતે અર્થઘટન કરી રહ્યા છે. ભાજપ સાથે ઈજીજીના સીધા સંબંધોને જોતાં, તેમનું નિવેદન કોને નિર્દેશિત કરવામાં આવ્યું હતું અને વિજયવર્ગીય કોને નિશાન બનાવી રહ્યા હતા તે પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે. આ પહેલી વાર નથી જ્યારે કૈલાશ વિજયવર્ગીય પોતાના નિવેદનો માટે સમાચારમાં આવ્યા હોય. તેમણે ભૂતકાળમાં અનેક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. જોકે, ઈજીજી પરના તેમના નિવેદન પછી આ મુદ્દો ગરમાયો છે.

# બાલાસિનોર બસ સ્ટેશનમાં ફેરિયાઓનો આતંક : મુસાફરોમાં ભારે રોષ, તંત્ર કાર્યવાહી કરશે?

બાલાસિનોર,

બાલાસિનોર એસટી બસ સ્ટેશન પરથી ઉપડતી અને આવતી બસોમાં છેલ્લા કેટલાક સમયથી વેચાણ કરતા ફેરિયાઓનો ત્રાસ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો હોવાની ફરિયાદો મુસાફરોમાં ઉઠી રહી છે. મુસાફરોથી ખીચોખીચ ભરેલી બસોમાં અનેક ફેરિયાઓ ચડી જઈ નાસ્તા, રમકડાં, વિવિધ ચીજવસ્તુઓ અને અન્ય સામાનનું વેચાણ કરતા હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મુસાફરોના જણાવ્યા મુજબ બસમાં પહેલેથી જ બેઠકો અને ઉભા રહેવાની જગ્યાનો અભાવ હોય છે, ત્યારે ફેરિયાઓ બસમાં ચડી ઊંચા અવાજે વેચાણ કરતા હોવાથી મુસાફરી અસહજ બની જાય છે. મહિલાઓ, વડીલો અને વિદ્યાર્થીઓને ખાસ કરીને અવરજવર કરવામાં મુશ્કેલી પડે છે. ઘણી વખત બસ ઉપડવાની તૈયારીમાં હોય ત્યારે પણ ફેરિયાઓ બસ માંથી બહાર ન નીકળતા મુસાફરોમાં અસંતોષ જોવા મળે છે. બસ સ્ટેશન પર સુરક્ષા અને નિયંત્રણની જવાબદારી ધરાવતા તંત્ર દ્વારા આ બાબતે પૂરતી કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. જાહેર પરિવહન સેવામાં મુસાફરોની સલામતી અને સુવિધા પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ, પરંતુ બસોમાં બેફામ રીતે થતા વેચાણને કારણે નિયમોનું ઉલ્લંઘન થતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે કે, એસટી તંત્ર અને સંબંધિત અધિકારીઓ દ્વારા બસોમાં ગેરકાયદેસર રીતે ચડી વેચાણ કરતા ફેરિયાઓ સામે તાત્કાલિક ઝુંબેશ હાથ ધરી કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ મુસાફરોને નિરાંતે અને સલામત રીતે મુસાફરી કરી શકે તે માટે અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

# સંખેડાના પાણીયામાં વાહનોની અવરજવરથી નાળુ બેસી જશે તો ચોમાસામાં સંકટ સર્જાશે



સંખેડા,

સંખેડા તાલુકાના પાણિયા ગામના એપ્રોચ રોડ પર આવેલા બે પાઈપનાળા હાલ જોખમી હાલતમાં પહોંચી ગયા હોવાથી ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે. આ રસ્તા પરથી રેતી ભરેલી ટ્રકોની સતત અવરજવર થતી હોવાથી જો કોઈ એક નાળું પણ બેસી જાય તો ગામનો સંપર્ક ખોરવાઈ શકે છે.

પાણિયા ગામ હાઈવેથી અંદાજે એક કિલોમીટર દૂર છે. ગામ તરફ જતાં માર્ગની નજીક રેતીનો સ્ટોક હોવાથી તેમાં રેતીના પરિવહન માટે દિવસભર ભારે ટ્રકોની સતત અવરજવર રહે છે. આ જ માર્ગ પર આવેલા બે પાઈપનાળા વર્ષો જૂના હોવાથી હવે તેમની હાલત બિસ્માર બની ગયા છે.

એપ્રોચ રોડની શરૂઆતમાં આવેલા પ્રથમ પાઈપનાળાની આસપાસના પથ્થરો ઉખડવા લાગ્યા છે, તેમજ નાળા પર તિરાડો પણ પડી ગઈ છે. જ્યારે આગળ આવેલા બીજા પાઈપનાળામાંથી પણ પથ્થરો છૂટા પડી રહ્યા હોવાથી તેની મજબૂતી અંગે સવાલો ઊભા થયા છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ભારે વજનવાળી રેતી ભરેલી ટ્રકોની સતત અવરજવરના કારણે બંને નાળાઓ પર વધુ ભાર પડી રહ્યો છે. જો સમયસર સમારકામ અથવા નવા નાળાઓનું નિર્માણ કરવામાં નહીં આવે તો કોઈપણ સમયે નાળું બેસી જવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

આ અંગે સ્થાનિક આગેવાનો દ્વારા સંબંધિત વિભાગમાં મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. ગ્રામજનોએ તંત્રને બંને નાળાઓનું તાત્કાલિક નિરીક્ષણ કરીને જરૂરી સમારકામ અથવા નવા નાળાઓનું નિર્માણ કરવાની માંગ કરી છે.

એ નાળા ભાંગી પડે એવા છે અમારે ગામમાં આવવા–જવા માટેનો એક જ રોડ છે.તેની ઉપર બે નાળા આવેલા છે.એ નાળા ભાંગી પડે એવા છે.અહીંયા રેતીનો સ્ટોક કોઈ.પાર્ટીએ કરેલ છે.જેથી ટ્રકોની આવ–જા ચાલુ રહે છે.એને બંધ કરવા અમે સરપંચને રજુઆત કરી હતી. સરપંચે આગળ રજુઆત કરી છે. અશ્વિન તડવી, પાણિયા

# નસવાડીમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતત જુનમા ચુરિયા ૧૦૩૫, ડીએપી,૧૭૬ મેટ્રિક ટનનું વેચાણ



નસવાડી,

નસવાડી તાલુકા ના ગામે ગામ ખેતીવાડી વિભાગ દવારા ખેડૂતો ને ઓછા ખાતર ઉપયોગ કરી ખેતી કરવાની સમજ અપાઈ હતી. પરંતુ ક્યાંક ને ક્યાંક તેની કઈ મોટી અસર દેખાઈ પડી હોય તેમ લાગતું નથી.

જીલ્લા ક્વોલિટી વિભાગ દ્વારા આપવામાં આવેલ ખાતરની આંકડાકીય માહિતી મુજબ, નસવાડી તાલુકામા જૂન મહિનાના ૨૬ દિવસમા યુરિયા અને ડીએપી ખાતરનો ખુબ મોટી માત્રમા વેચાણ થયું છે. નસવાડી તાલુકા મા જૂન માસ મા યુરીયા કુલ ૧૦૩૪.૯૫૫ મેટ્રિક ટન અને ડીએપી કુલઃ ૧૭૫.૯૫ મેટ્રિક ટન નું વેચાણ થયેલ છે. જયારે તારીખ ૨૬જૂન સુધીમાં નસવાડી તાલુકામાં ગવર્મેન્ટ સ્ટોરેજમાં ૯૫૦ ટન યુરીયા ખાતર નો જથ્થો ઉપલબ્ધ છે. નસવાડી તાલુકો ખેતી પ્રધાન તાલુકો હોય ખેતીવાડી વિભાગ સાથે અન્ય વિભાગ ખેડૂતો ઓછા ખાતર થકી સારી ખેતી કરે તેવું માર્ગદશન આપવામાં આવે છે. છતાંય હજુ જોઈએ તેટલા ખેડૂતો તે તરફ વળ્યા નથી.નસવાડી ટાઉન મા આવેલ ખાતર ની દુકાનો ઉપર દરરોજ સવાર થી ખાતર લેવા ખેડૂતો દોડાદોડ કરે છે. નસવાડી તાલુકામા ફક્ત એક વાર વરસાદ પડ્યો છે. જે વરસાદ બાદ ખેડૂતો ને સારા વરસાદ ની આશા હતી. તેવામાં વરસાદ હવે ખેંચાઈ જતા ખેડૂતો ચિતિત બન્યા છે. સારા વરસાદ ની આશા સાથે ખેડૂતો વરસાદની રાહ જોતા હોય ખાતર લઈ ગયા બાદ હવે વરસાદ પડે તેમ ખાતર નો ઉપયોગી બને તેમ છે.

# બાલાસિનોર શહેરમાં ૧૫૦થી વધુ કલાત્મક તાજીયાનું જુલુસ યોજાયું.

બાલાસિનોર,


બાલાસિનોર શહેરમાં આજે મુસ્લિમોના તહેવાર મહોર્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૫૦થી વધુ કલાત્મક તાજીયા બનાવવામાં આવ્યા હતા. સાંજે નિશાળ ચોક ખાતેથી તાજીયાનું જુલુસ નિકળ્યું હતું.

બાલાસિનોર શહેરમાં કિરકિટવાડ, પઠાણવાડા, કાઝીવાડ, ટીમ્બા મહોલ્લા, જૂની જેલ વગેરે સ્થળોએ મુસ્લિમ બિરાદરો દ્વારા કલાત્મક તાજીયા તૈયાર કરવામાં આવ્યા હતા. સાંજે તમામ સ્થળોએથી નિશાળ ચોક ખાતે તાજીયા એકત્ર કરવામાં આવ્યા હતા. જયાં માતમ મનાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ જુલુસ સ્વરૂપે કોર્ટ રોડ થઇને તમામ તાજીયા તળાવે લઈ જવામાં આવ્યા હતા. તાજીલાના જુલુસમાં સેંકડો મુસ્લિમોએ ભાગ લીધો હતો. જુલુસ સંદર્ભે માર્ગો પર ઠેર ઠેર સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા હતા. મહોર્રમના આ તહેવારને ધ્યાને લઈને કાયદો–વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.



- બાલાસિનોર શહેરમાં ૧૫૦થી વધુ કલાત્મક તાજીયાનું જુલુસ યોજાયું.
- કાયદો-વ્યવસ્થાને ધ્યાને લઈને પોલીસ દ્વારા માર્ગો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો.

# નેનકી ગ્રામ પંચાયતમાં ૨૭ લાખના બાંધકામમાં ગેરરીતિના આક્ષેપ, ૨૪ દિવસ બાદ પણ તપાસ નહીં થતાં ગ્રામજનોમાં રોષ



દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના નેનકી ગામમાં નવીન ગ્રામ પંચાયતના અંદાજે રૂ. ૨૭ લાખના બાંધકામમાં હલકી ગુણવત્તાનું કામ થતું હોવાના આક્ષેપો સાથે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોએ કોન્ટ્રાકટર સામે તાલુકા કક્ષાએ રજૂઆત કરી તાત્કાલિક તપાસની માંગ કરી હતી, પરંતુ અરજીને ૨૪ દિવસ વીતી જવા છતાં કોઈ તપાસ હાથ ધરાઈ ન હોવાનું જણાવાયું છે.

અરજદાર રણછોડભાઈ ગવજીએ તાલુકા વિકાસ અધિકારી (TDO) સમક્ષ અનેક વખત રજૂઆત કરી હતી. ત્યારબાદ બાંધકામ શાખામાં પૂછપરછ કરતાં આ કામ માર્ગ અને મકાન વિભાગ, ઝાલોદ હેઠળ આવતું હોવાનું જાણવા મળતાં તેમણે ઝાલોદના સંબંધિત ઈજનેર અને અધિકારીઓનો મોબાઈલ દ્વારા સંપર્ક કરી તપાસની માંગ કરી હતી.

ગ્રામજનોના જણાવ્યા મુજબ બાંધકામમાં સિમેન્ટ, લોખંડના સળિયા તેમજ અન્ય સામગ્રીની ગુણવત્તા નબળી છે અને ફિનિશિંગમાં પણ ગંભીર બેદરકારી જોવા મળે છે. ગ્રામજનોએ કામની તાત્કાલિક તકનીકી તપાસ, ગુણવત્તામાં સુધારો ન થાય ત્યાં સુધી કામ બંધ રાખવા તથા જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. માંગણીઓનો યોગ્ય નિકાલ નહીં થાય તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત સાથે જનઆંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# બાલાસિનોરમાં પોલિયો રસીકરણ અભિયાનમાં ૨૫ બુથો પર ૦ થી ૫ વર્ષના ૮૪૭૫ બાળકોને રસી અપાઈ



બાલાસિનોર,

બાલાસિનોરના વિવિધ વિસ્તારોમાં કુલ ૨૫ પોલિયો બુથ પર ૦ થી ૫ વર્ષના બાળકો માટે પોલિયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવ્યું. આ અભિયાન 'પોલિયો મુક્ત ભારત' સંકલ્પ હેઠળ 'દો બુંદ જિંદગી કે' સૂત્ર સાથે યોજાયું હતું.

આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને આશાવર્કર બહેનો દ્વારા સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી રસીકરણની કામગીરી કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત સમગ્ર નગરમાં કુલ ૮૪૭૫ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા.

બાલાસિનોર એસટી ડેપો ખાતે સૌથી વધુ ૫૭૭ બાળકોને રસી અપાઈ હતી. પોલિયો જેવી ગંભીર બીમારીને સંપૂર્ણપણે નાબૂદ કરવાના હેતુથી સરકાર દ્વારા આવા રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. સ્વસ્થ અને સુરક્ષિત બાળપણ વિકસિત ભારતના નિર્માણ માટે પાયા સમાન છે.

# દાહોદમાં ચૈતર વસાવાના સમર્થનમાં હજારો કાર્યકરોની ઐતિહાસિક પદયાત્રા



દાહોદ,

દાહોદ શહેર આજે ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલી વિશાળ પદયાત્રાનો સાક્ષી બન્યું હતું. દાહોદ જીલ્લાના તમામ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો, આદિવાસી સમાજના આગેવાનો, યુવાનો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

ગોવિંદનગરથી બિરસા મુંડા ચોક સુધી યોજાયેલી પદયાત્રામાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. સમગ્ર માર્ગ દરમિયાન સમર્થકોએ ચૈતર વસાવાના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા અને એકતા તથા લોકશાહી મૂલ્યો જાળવવાનો સંદેશ આપ્યો.

આ પદ યાત્રા માં વિવિધ આગેવાનોએ જણાવ્યું કે ચૈતર વસાવા પ્રત્યે થઈ રહેલા અન્યાયનો વિરોધ સમગ્ર આદિવાસી સમાજ કરી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, જો ચૈતર વસાવા ને ન્યાય નહીં મળે,તો અથવા તેમને મુક્ત કરવામાં નહીં આવે, તો ગુજરાતભરમાં ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના સહિત આગેવાનોએ પણ જણાવ્યું કે આંદોલનને માત્ર ગુજરાત પૂરતું મર્યાદિત નહીં રાખવામાં આવે, પરંતુ ચાર રાજ્યોના આદિવાસી સમાજના આગેવાનો તેમજ ઘઈઈ સમાજના આગેવાનો પણ આ લડતમાં જોડાશે

પદયાત્રા દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને લોકશાહી રીતે પોતાની માંગ સરકાર સમક્ષ રજૂ કરી હતી.

# નસવાડી કવાંટ રોડ ઉપર પંદર દિવસથી ઉભરાતી ગટરથી દુર્ગંધથી રોગચાળાનો ભય

શાળા જતા બાળકો દુષિત પાણી માંથી જવા મજબુર છે. નસવાડી ગ્રામ પંચાયત મા અંદરો અંદર કકળાટ ભલે હોય પરંતુ જાહેર રોડ ઉપર ઉભરાઈ રહેલ ગટર ના દુષિત પાણી બાળકો ગ્રામજનો ને બીમાર પાડશે. સરપંચ તલાટી રૂબરૂ આવી સ્થળ મુલાકાત લઈ કામગીરી કરાવી જોઈએ. માથું ફાટી જાય એવી દુર્ગંધ મારતા પાણી માંથી સૌ પસાર થાય છે. બેન્ક આંગણે આ સ્થિતિ છે. સ્વછતા ની વાતો કરતા અધિકારી ઓ એકવાર આ બાબતે પણ ધ્યાન આપો તો સારૂ.

:– નોફિલ મેમણ, સ્થાનિક વકીલ નસવાડી.–:

નસવાડી,

નસવાડી ટાઉનના કવાંટ રોડ પર છેલ્લા ૧૫ દિવસથી ગટરનું દુષિત પાણી ઉભરાઈ રહ્યું છે. વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ છે. ગ્રામજનોમાં રોષ છે.

નસવાડી ગ્રામ પંચાયતમાં જાણ કર્યા બાદ પણ કામગીરી પર કોઈ ધ્યાન આપતું નથી. દુષિત પાણીથી વિસ્તારમાં રોગચાળાની દહેશત ઉભી થઈ છે. શાળા જતા બાળકો બીમાર પડી જશે તેવી ભીતિ છે. સરકાર સ્વચ્છતા માટે જાહેરાતો કરે છે. જાહેર રોડ પર ઉભરાતી ગટરો કોઈને કેમ દેખાતી નથી તેવા સવાલો ઉઠ્યા છે. નસવાડી તાલુકામાં શાળા પ્રવેશ ઉત્સવ યોજાયો હતો. નસવાડી–કવાંટનો આ મુખ્ય રોડ છે.

આ જ રોડ પરથી ઉત્સવમાં આવેલા અધિકારીઓ, નેતાઓ પસાર થયા હતા. તેમને જાહેર રોડ પર ઉભરાતી ગટરો કેમ ન દેખાઈ તેવો પ્રશ્ન પણ લોકો કરી રહ્યા છે. જે જગ્યાએ ગટર ઉભરાઈ રહી છે ત્યાંથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ મોઢા પર રૂમાલ મૂકવા મજબૂર બન્યા છે. દુર્ગંધ એટલી તીવ્ર છે. કેટલાક જાગૃત ગ્રામજનોનું કહેવું છે કે, તાલુકાની સરકારી કચેરીમાં બેસી સ્વચ્છતાની વાતો કરતા અધિકારીઓ એકવાર નસવાડી–કવાંટ રોડ પર આવી જુએ તો લોકોની હાલત સમજાય. વિસ્તારમાંથી માંગ ઉઠી છે કે નસવાડી ગ્રામ પંચાયતના તલાટી, સરપંચ, સભ્યો તાત્કાલિક સ્થળ મુલાકાત કરે અને ગટર સફાઈ કરાવે તે જરૂરી છે.

# સંજેલી સરકારી દવાખાનામાં ડાયાલિસ દર્દીઓ પાણી માટે પરેશાન, સ્થાનિકોમાં રોષ




દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાની સરકારી હોસ્પિટલમાં ડાયાલિસ કરાવતા દર્દીઓને પાણીની અછતને કારણે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. દર્દીઓ અને તેમના પરિવારજનોના જણાવ્યા મુજબ પીવાના પાણી સહિત ડાયાલિસ માટે જરૂરી પાણી અઠવાડિયા સુધી ઉપલબ્ધ ન રહેતાં દર્દીઓની હાલત કફોડી બની છે.

તાજેતરમાં જનકલ્યાણ કાર્યક્રમ દરમિયાન જીલ્લાના સાંસદ અને રાજયના કૃષિ મંત્રીએ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓના હાલચાલ પૂછ્યા હતા તેમજ આરોગ્ય સેવાઓ સુધારવા સંબંધિત સૂચનાઓ આપી હતી. સ્થાનિક આગેવાનો દ્વારા પણ દર્દીઓને પડી રહેલી મુશ્કેલીઓ અંગે મૌખિક રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

હોસ્પિટલના એક અધિકારીએ પણ પાણીની સમસ્યાનો સ્વીકાર કરતાં જણાવ્યું હોવાનું કહેવાય છે કે હાલ બજારમાંથી પાણી મંગાવવાની ફરજ પડી રહી છે.

આ દરમિયાન કેટલાક સ્થાનિકોએ હોસ્પિટલના તબીબો સામે મનમાની અને દર્દીઓ પ્રત્યે ઉદાસીનતા દાખવવાના આક્ષેપો કર્યા છે. જોકે, આ અંગે હોસ્પિટલ તંત્રનો સત્તાવાર પ્રતિભાવ પ્રાપ્ત થયો નથી.સ્થાનિકોએ પાણીની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવા, જવાબદારો સામે કાર્યવાહી કરવા અને આરોગ્ય સેવાઓમાં સુધારો કરવાની માંગ સાથે ચેતવણી આપી છે કે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# આપની આજ.......

મેષ: આર્થિક મામલામાં આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. જો તમે રોકાણ કરવા માગતા હો તો આજનો દિવસ સારો રહેશે. પારિવારિક જીવનમાં સુસંગતતા રહેશે, પરંતુ તમારે વાણી અને વર્તન પર સંયમ રાખવો પડશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે પ્રોત્સાહક છે. મોટા ભાઈ-બહેનોનો સહયોગ મળશે. તમે આજે સાહસ અને જોખમી કાર્યમાં પણ હાથ મિલાવી શકો છો.

મિથુન:આજે મિથુન રાશિના લોકોનું મનોબળ વધુ રહેશે. વિદ્યાર્થીઓએ ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, મન ટેક્નિકલ ચીજો તરફ વધુ આગળ વધશે. આર્થિક મામલામાં ઉદ્યોગપતિઓ માટે આજનો દિવસ સારો છે.

કર્ક: આજે તમારા જ્ઞાનનો વિકાસ થશે. કાર્યસ્થળમાં પરિસ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ માર્કેટિંગ અને વેચાણથી સંબંધિત લોકો પર લક્ષ્ય દબાણ રહેશે. ધંધામાં લાભ વધશે.

સિંહ: આજનો દિવસ માનસિક ગૂંચવળવાળો દિવસ બની શકે છે. તમારે વિવિધ કાર્યો અને યોજનાઓમાં સામેલ થવું પડી શકે છે. આર્થિક વ્યવહાર અને ધંધા માટે દિવસ સાનુકૂળ રહેશે.

કન્યા:

ક્ષેત્રમાં જવાબદારીઓનું દબાણ રહેશે, પરંતુ અધિકારીઓનો સહયોગ રહેશે. જો તમે કોઈ નવું કાર્ય અથવા યોજના શરૂ કરવાનું વિચારી રહ્યાં છો, તો આગળ વધો. આર્થિક મામલામાં દિવસ સામાન્ય રહેશે.

તુલા: દિવસની શરૂઆત રોમાંસથી થશે, પરંતુ વધારે પડતું ખાવાનું ટાળો. કાર્યક્ષેત્રમાં ભૂતકાળના અધૂરા કામ અને લક્ષ્ય પર દબાણ રહેશે.બજેટ અને સંજોગોનો વિચાર કરવાથી હમણાં મૂડ બદલાઈ શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ વૃશ્ચિક રાશિના લોકો માટે ઉતાર-ચઢાવથી ભરપૂર રહેશે. આજે ઉતાવળમાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ના લેશો, નુકસાન થઈ શકે છે. નાના કામ પણ આજે મુશ્કેલી આપશે. ધંધામાં લાભ સામાન્ય રહેશે.

ધન: આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયક રહેશે, તમારી મહેનત સફળતાનો આધાર બનશે, નસીબથી વધુ અપેક્ષા ના રાખો. તમે કેટલીક જૂની બાબતો વિશે વિચારશો.

મકર: તમને આજે ક્ષેત્રમાં ટેક્નિકલ જ્ઞાન અને અનુભવનો લાભ મળશે. તમને ધર્મમાં રસ રહેશે. કોઈ જૂના મિત્ર અને સંબંધીનો સંપર્ક કરી શકો છે. સ્વાસ્થ્યની બાબતમાં તમારે જાગ્રત રહેવું પડશે.

કુંભ: આજે તમારું રોકાયેલુ કામ ચાલશે, તમારા ભાઈ-બહેનો સાથે સહયોગ અને સંકલન રહેશે. કોઈ રસિક કામ હાથમાં આવતા તમે આનંદિત થશો. આર્થિક મામલામાં તમે ચિંતિત છો.

મીન: આજનો દિવસ સામાન્ય રહેશે. પારિવારિક જીવનનો આનંદ માણી શકશો, જીવનસાથીનો સહયોગ મળશે. જો કોઈ મહત્વપૂર્ણ કાર્ય કરવામાં આવે તો સુખ પ્રાપ્ત થશે. સાથીઓ અને મિત્રોનો સહયોગ મળશે.




# મધ્ય ગુજરાત

# 29th | 30th JUNE 2026

# ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

## કેન્દ્રિત ક્ષેત્રો

- સેમિકંડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
- ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- એરોસ્પેસ અને ડિફેન્સ
- ટુરિઝમ અને કલ્ચર
- સ્ટાર્ટઅપ્સ અને MSMEs
- IT અને ITeS
- બાયોટેક
- ફાર્માસ્યુટિકલ્સ
- ફિનટેક
- કૌશલ્ય વિકાસ
- એજ્યુકેશન

## કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્‌ઘાટન સમારોહ
- પેનલ ચર્ચાઓ
- B2B/B2G મીટિંગ્સ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- રિવર્સ બાયર-સેલર મીટ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ઉદ્યમી મેળો
- સમાપન સત્ર
- પ્રાદેશિક MSME કૉન્કલેવ
- ટ્રેડ શો/પ્રદર્શન

ભવ્ય ઉદ્‌ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી મનોહર લાલ

માનનીય કેન્દ્રીય મંત્રી, વિદ્યુત, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર

## શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

29 જૂન 2026, સોમવાર | સવારે 10:30 વાગે
GSFC યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન** 29 જૂનથી 3 જુલાઈ, 2026 | સવારે 10:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, UAE, Ukraine

ભાગીદાર સંસ્થાઓ

લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઈવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

# શહેરામાં સક્રિય થઈ લૂટેરી દુલ્હનની ગેંગઃ લગ્નના નામે બોડીદ્રાખુર્દ ગામના યુવકને રૂ.૨.૫૦ લાખનો સરેઆમ ચૂનો ચોપડ્યો

**લાખો રૂપિયા ખંખેરતી આંતરરાજ્ય લૂટેરી દુલ્હન ટોળકીનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો શહેરા તાલુકામાંથી પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ.**

શહેરા,

લગ્નના પવિત્ર બંધનના નામે છેતરપિંડી કરતી આંતરરાજ્ય લૂટેરી દુલ્હન ટોળકીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો શહેરા તાલુકા માંથી સામે આવ્યો છે. બોડીદ્રાખુર્દ ગામના એક ૩૫ વર્ષીય યુવકને લગ્ન કરાવી આપવાની લાલચ આપી રાજસ્થાનની લૂટેરી દુલ્હન અને તેના વચેટિયા સાગરીતોએ રૂ.૨.૫૦ લાખનો ચૂનો ચોપડ્યો હતો. લગ્નના માત્ર એક અઠવાડિયામાં જ નવવધૂ ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સમેટીને પિયર જવાનું બહાનું કાઢી ફરાર થઈ ગઈ હતી. આ મામલે છેતરાયેલા યુવકે આખરે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરા તાલુકાના બોડીદ્રાખુર્દ ગામે રહેતા ૩૫ વર્ષીય યુવક માટે લગ્નનું માગું લઈને રાજસ્થાનના પીઠ સીમલવાડા ગામનો પુજાભાઈ નામનો વચેટિયો આવ્યો હતો. પુજાભાઈએ પોતાની પાસે લગ્ન માટે લાયક છોકરી હોવાનું જણાવી લગ્ન કરાવવાના બદલામાં રૂ.૨ લાખ રોકડા અને દાગીના આપવાની શરત મૂકી હતી. યુવક અને તેના પરિવારે આ શરત મંજૂર રાખતા લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા.૧૦જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વચેટિયો પુજાભાઈ, દુલ્હન અરૂણા ડામોર અને તેમના અન્ય સાગરીતો સાથે યુવકના ઘરે આવ્યા હતા અને ત્યાં જ લગ્ન વિધિ સંપન્ન કરાવી હતી. લગ્ન સમયે જ નક્કી થયા મુજબ વચેટિયા પુજાભાઈએ રૂ. ૨ લાખ રોકડા લઈ લીધા હતા. આ ઉપરાંત, લગ્ન પ્રસંગે દુલ્હનને ચાંદીના છડા, ચાંદીનું મંગળસૂત્ર, સોનાની ચુની અને ચાંદીની અંગૂઠી મળી કુલ આશરે રૂ. ૫૦ હજારના દાગીના પહેરાવવામાં આવ્યા હતા.

લગ્ન બાદ અરૂણા માત્ર ૬ થી ૭ દિવસ જ પોતાના સાસરીમાં રહી હતી. તે દરમિયાન એક દિવસ તેણે રાજસ્થાનથી ફોન આવ્યો હોવાનું નાટક કર્યું હતું. અરૂણાએ પતિ અને સાસરીયાઓને જણાવ્યું કે, ‘‘મારી મમ્મીનો ફોન હતો, મને કાલે રાજસ્થાન બોલાવે છે. હું બે દિવસમાં પરત આવી જઈશ.‘‘ સાસરી પક્ષે તેના પર વિશ્વાસ મૂકીને તેને જવા દીધી હતી. પરંતુ અરૂણા ઘરેથી નીકળતી વખતે પોતાના અંગ પર પહેરેલા તમામ સોના-ચાંદીના દાગીના પણ સાથે લઈ ગઈ હતી. ઘણા દિવસો વીતી જવા છતાં અરૂણા પરત ન ફરતા યુવકે તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે મળી આવી ન હતી. આથી યુવકે વચેટિયા પુજાભાઈનો સંપર્ક સાધવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો. જેથી પોતાનો દાગીના અને રોકડા રૂપિયા ગુમાવનાર યુવકને છેતરાયા હોવાનો પાકો અહેસાસ થયો હતો.ભોગ બનનાર યુવકે આ મામલે પોતાની રીતે વધુ તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, તેની સાથે લગ્ન કરનાર અરૂણા ડામોર કોઈ સાધારણ યુવતી નથી, પરંતુ એક રીઢી ગુનેગાર લૂટેરી દુલ્હન છે. અરૂણા આ પૂર્વે મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના દેવ ખાતે પણ આ જ પ્રકારે લગ્નના નામે છેતરપિંડી આચરવાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકી છે અને જેલની હવા ખાઈ ચુકી છે.પોતાની સાથે આયોજનબદ્ધ રીતે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતાં આખરે ભોગ બનનાર યુવકે શહેરા પોલીસ મથકનો આશરો લીધો હતો. શહેરા પોલીસે યુવકની ફરિયાદના આધારે લૂટેરી દુલ્હન અરૂણા ડામોર, વચેટિયા પુજાભાઈ અને તેમના અન્ય સાગરીતો વિરૂદ્ધ ગુનો નોંધી આ ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ગોધરા-એક્સપ્રેસવે માર્ગ ૬-લેન કરવા સાંસદની મુખ્યમંત્રીની ભલામણ



ગોધરા,

રાજ્યસભાના સાંસદ ડો. જશવંતસિંહ પરમારે પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરની ટ્રાફિક અને રસ્તાની સમસ્યા હલ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. તેમણે ગોધરાના ભુરાવાવ ચોકડીથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે સુધીના માર્ગને ૬-લેનમાં રૂપાંતરિત કરવા તાકીદે ભલામણ કરી છે.

સાંસદ ડો. પરમારે પત્રમાં જણાવ્યું છે કે, ગોધરા શહેરની ભુરાવાવ ચોકડીથી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના ગોધરા પોઈન્ટ સુધીનો આશરે ૨ કિલોમીટરનો માર્ગ શહેરનો મુખ્ય અને અત્યંત વ્યસ્ત માર્ગ છે. આ માર્ગ પરથી દૈનિક ધોરણે મોટી સંખ્યામાં ભારે વાહનોની અવરજવર થાય છે.

તેમણે મુખ્ય સમસ્યાઓ તરફ ધ્યાન દોરતા લખ્યું છે કે, ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા નથી. ડ્રેનેજ સિસ્ટમના અભાવે માર્ગ ઉપર મોટા પ્રમાણમાં પાણી ભરાઈ જાય છે, જેના કારણે આ મુખ્ય રોડ વારંવાર તૂટી જાય છે.

વરસાદી પાણીના ભરાવા અને બિસ્માર રસ્તાને લીધે અહીં વારંવાર કલાકો સુધી ટ્રાફિક જામની ગંભીર પરિસ્થિતિ ઊભી થાય છે. આ ટ્રાફિક જામ અને ખરાબ રસ્તાના પરિણામે રોજિંદા વાહનચાલકો, સ્થાનિક નાગરિકો તેમજ વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

આ ઉપરાંત, પાણી ભરાવા અને ખાડાઓના કારણે આ માર્ગ પર અકસ્માતો થવાની સંભાવના પણ ખૂબ વધી જાય છે, જે જનજીવન માટે જોખમી સાબિત થઈ રહ્યું છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, જનહિત અર્થે સાંસદ ડો. જશવંતસિંહ પરમાર દ્વારા મુખ્યમંત્રીને આ રજૂઆત કરવામાં આવી છે.

# નીરૂ ફાઉન્ડેશન. ગોધરા દ્વારા મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં તથા ગોધર તાલુકામાં આવેલી માધ્યમિક શાળાઓમાં રાહત દરે નોટબુક વિતરણ કરવામાં આવ્યું



ગોધરા,

નીરૂ ફાઉન્ડેશન એન.જી.ઓ. છેલ્લા ૨૮ વર્ષથી પર્યાવરણ, સ્વચ્છતા અને શુદ્ધ પાણી અને નિર્મળ પર્યાવરણ ઉપર ગ્રામીણ વિસ્તારોમાં કામગીરી કરે છે. સહભાગી વન વ્યવસ્થા, મહિલા જાગૃતિ, સોઈલ વોટર કોન્સર્વ સન તેમજ યુવા અવારનેસ માટે આઈ.ઈ.સી. કાર્યક્રમ કરી છેવાડા ના લોકો. સાથે કાર્યરત છે.

ચાલુ વર્ષે મહીસાગર જીલ્લાની માધ્યમિક શાળાઓ અનુક્રમે ઉત્તર બુનિયાદી શાળા, ભાણસી, માધ્યમિક શાળા, ખેડાપા, પ્રવીણ વિદ્યાલય ચુથાના મુવાડા, નૂતન મિશ્ર કુમાર શાળા, ગોધરા અને શારદા માધ્યમિક વિદ્યાલય, આંબલીયાતની શાળાઓમાં વિદ્યાર્થી સાથે સંવાદ યોજી મહારાણા પ્રતાપના સાહસોની અને નીરૂ ફાઉન્ડેશન સંસ્થાની મિશન હેઠળ દરેક વિદ્યાર્થી એક પેડ મહારાણા ઔર માનવેન્દ્ર સિંહ સિસોદીયા બાપુ કે, નામ ઉછેરવા માટે સંકલ્પ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શાળાઓના આચાર્ય, શાળા સ્ટાફ તેમજ શાળા સંચાલક પ્રમુખ, ટ્રસ્ટી અને નીરૂ ફાઉન્ડેશન સંસ્થાના નિયામક, શ્રીમતી નિર્મલાબા સિસોદીયા તેમજ સંસ્થાના પ્રમુખ નરેન્દ્રસિંહ સિસોદીયા વગેરે હાજર રહી વિદ્યાર્થી સાથે મળીને શિક્ષણ સંબંધી કામ કરતા સાથે સાથે ક્લિમેટ ચેન્જ થી થતી અસરોને પડકારવા માટે કટિબદ્ધ થવા જણાવવામાં આવ્યું હતું. તમામ શાળાઓના વિદ્યાર્થી સાથે મળીને ગ્લોબલ વોર્મિંગની અસરોને એક ઝાડ ઉછેરી વાયુ પ્રદૂષણ પર નિયંત્રણ લાવવા જનજાગૃતિ અભિયાન ચલાવવા માટે સહભાગી બની સફળતા મેળવી પડકાર જીલવા મદદરૂપ થઈ કામગીરી કરવાનું નક્કી કરેલ છે.

# ખરસાલીયા રેલવે સ્ટેશન પાસે આવેલ પ્રણામી નર્સરી ધરૂ ફાર્મ ઉપર ચડ્ડી બનીયાન ધારી ગેંગ તાટકી કેમેરા માં કેદ ચાંદીના ઘરેણાં રોકડ રકમ સહિત ની ચોરી વેજલપુર પોલીસ મથકે લેખિત ફરિયાદ



કાલોલ,

ખરસાલીયા રેલવે સ્ટેશન બ્રિજ પાસે આવેલ પ્રણામી નર્સરી ધરૂ ફાર્મ ઉપર નર્સરીમાં તેમજ નર્સરીની સાચવણી કરવા માટે ચાર ઈસમો રહેતા હતા. તેઓના મકાનમાં તા. ૨૫/૦૬/૨૦૨૬ નારોજ રાત્રીના ૨ વાગ્યાના અરસામાં ચડ્ડી બનીયાન ધારી ગેંગ તાટકી હતી અને ચાંદી ની પાંચ રકમ અને ૧૪૦૦ રૂપિયા રોકડા તેમજ નર્સરીના ડ્રોવર ગલ્લામાં થેલા માં વકરાના ધંધાના મુકેલ વિસ હજાર રોકડ રકમની અજાણ્યા ચડ્ડી બનીયાન ધારી ગેંગ તાટકીને ચોરીને અંજામ આપ્યો હતો અને ચાંદી ની રકમ સહિત રોકડની ચોરી કરી ફરાર થયા હતા ચડ્ડી ધારી ગેંગના પાંચ ચોરો રાત્રીના સમયે ચોરી કરવા આવેલા ચોરો સીસી ટીવી કેમેરામાં કેદ થયા હતા અને ચડ્ડી બનીયાન ધારી ગેંગ ચાંદીના ઘરેણાં રોકડ રકમ સહિતની ચોરી કરતા અને સીસી ટીવી કેમેરામાં કેદ થતા વેજલપુર સહિત આજુબાજુ ના ગામોમાં ચડ્ડી બનીયાન ગેંગ થી લોકોમાં ફફડાટ ફેલાયો છે પ્રણામી નર્સરી ધરૂ ફામ ના માલીક દ્વારા વેજલપુર પોલીસ મથકે લેખિત ફરિયાદ કરતા વેજલપુર પોલીસે સીસી ટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ગોધરાની ઓમકાર સ્કૂલ ખાતે ભાજપનું પ્રશિક્ષણ મહાઅભિયાનમાં કાર્યકર્તાઓ શિબિર યોજાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત ભાજપના કાર્યકર્તાઓ માટે જીલ્લાના વિવિધ મંડળોમાં ૨૪ કલાકના પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે, ગોધરા શહેર, ગોધરા તાલુકા અને મોરવા હડફ તાલુકાના ભાજપ કાર્યકર્તાઓ માટે ગોધરાની ઓમકાર સ્કૂલ ખાતે એક પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.પ્રશિક્ષણ દરમિયાન, કાર્યકર્તાઓને ભાજપની વિચારધારા, સંગઠનાત્મક કાર્યપદ્ધતિ, સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અને કાર્યકર્તાઓની જવાબદારીઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ સંગઠનના મૂલ્યો અને સિદ્ધાંતોને લોકો સુધી પહોંચાડવા માટે પ્રેરણા આપી હતી. આ પ્રસંગે ભાજપના આગેવાનો અને હોદ્દેદારોએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રશિક્ષણ અભિયાનનો મુખ્ય આશય કાર્યકર્તાઓમાં સંગઠન પ્રત્યે વધુ જાગૃતિ અને કાર્યક્ષમતા વિકસાવવાનો છે, જેથી સંગઠન વધુ મજબૂત બની શકે.

# કાલોલના સગનપુરાઅલાલી રોડ પર ગાડી ઝાડ સાથે અથડાતાં ગૌવંશ તસ્કરીનો પર્દાફાશ, બે ગાયોને ક્રૂરતાપૂર્વક લઈ જતો ચાલક મુદ્દામાલ મૂકી ફરાર

કાલોલ,

વેજલપુર પોલીસ સ્ટેશનની હદમાં ગૌવંશ તસ્કરી અને પશુ ક્રૂરતાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કાલોલ તાલુકાના અલાલી ગામ પાસે એક ટાટા ઈન્ડિકા વિસ્ટા ગાડી ઝાડ સાથે અકસ્માતગ્રસ્ત થતાં, તેમાંથી ગેરકાયદેસર અને નિર્દયતાપૂર્વક બાંધેલી ૨ ગાયો મળી આવી છે. અકસ્માત બાદ ગાડીનો ચાલક વાહન અને અન્ય સામાન ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. આ અંગે વેજલપુર પોલીસે કુલ રૂ.૨,૪૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ફરિયાદ અનુસાર, ૨૮ જૂન ૨૦૨૬ નારોજ વહેલી સવારે આશરે ૦૨:૩૦ વાગ્યાની આસપાસ સગનપુરાથી અલાલી ગામ તરફ જતા રોડ પર પાણીની ટાંકી પાસે એક સફેદ કલરની ટાટા ઈન્ડિકા વિસ્ટા ગાડી (નંબરઃ GJ-17-AH-6543)ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતના કારણે ગાડીના બોનેટ, કાચ અને નંબર પ્લેટને ભારે નુકસાન થયું હતું.

સ્થાનિક સામાજીક આગેવાન અને ખેડૂત કિરણસિંહ રતનસિંહ પરમારને ગામના અન્ય યુવકે જાણ કરતાં તેઓ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં ગામલોકો એકઠા થયેલા હતા. મોબાઈલની બેટરીના અજવાળે જોતાં ગાડીની પાછળની સીટ હટાવીને, ઘાસચારા કે પાણીની કોઈ પણ સગવડ વગર, ટૂંકા દોરડા વડે ૨ લાલ કલરની ગાયોને અત્યંત દયનીય અને ક્રૂર હાલતમાં બાંધી રાખવામાં આવી હતી. ગામલોકોએ તત્પરતા દાખવીને દોરડા કાપી ગાયોને સુરક્ષિત બહાર કાઢી હતી અને પાણી-ઘાસચારાની વ્યવસ્થા કરી હતી.રાત્રે આશરે ૦૩:૦૦ વાગ્યે પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતા વેજલપુર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. એલ.એફ. કટારા અને સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પંચોની હાજરીમાં ગાડીની તલાશી લેતા ડ્રાઈવર સીટ પાસેથી એક વીવો કંપનીનો કેસરી કલરનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો, જેના કવરમાંથી બાંડી યુનુસ સિકંદર (રહે. વેજલપુર, કાલોલ) ના નામનું આધાર કાર્ડ મળ્યું હતું. આ ઉપરાંત, ગાડીના ડ્રોવરમાંથી આર.સી. બુક અને વીમાની ઝેરોક્ષ મળી આવી હતી, જેમાં ગાડીના માલિક તરીકે મામની ઈનાયત એહમદ રમજાની (રહે. ગોધરા મુસ્લિમ સોસાયટી, ગોધરા) નું નામ સામે આવ્યું છે.કુલ રૂ૨.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત પોલીસે ઘટનાસ્થળેથી નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કર્યો છેઃ

ટાટા ઈન્ડિકા વિસ્ટા ગાડીઃ કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- ૦૨ નંગ લાલ ગાયોઃ કિંમત રૂા.૩૦,૦૦૦/- (જેને સુરક્ષિત રીતે પરવડી પાંજરાપોળ ખાતે મોકલી અપાઈ છે),વીવો મોબાઈલ ફોનઃ કિંમત રૂ૧૦,૦૦૦/-,આધાર કાર્ડ, આર.સી. બુકની ઝેરોક્ષ અને દોરડા. કાયદેસરની કાર્યવાહી વેજલપુર પોલીસે કિરણસિંહ પરમારની ફરિયાદના આધારે અજાણ્યા ગાડી ચાલક તેમજ તપાસમાં ખુલે તે તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (B.N.S.S.)ની કલમ ૧૭૩ હેઠળ ગુનો નોંધ્યો છે. આ કેસમાં પ્રાણીઓની સાચવણી અંગેનો અધિનિયમ, પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ (કલમ ૧૧(૧)(d), (e), (f)) અને જી.પી.એક્ટની કલમ ૧૧૯ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કેસની આગળની તપાસ મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ એફ કટારા ચલાવી રહ્યા છે.

# શહેરાના મોરવા રેણા ખાતે કર્મચારી ધિરાણ સહકારી મંડળી મોરવા રેણાની ૮મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



શહેરા,

શહેરા તાલુકાના મોરવા રેણા ખાતે ધી શહેરા તાલુકા સરકારી ખાતાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી. મોરવા રેણાની ૮મી વાર્ષિક સાધારણ સભા ખૂબ જ ઉત્સાહ અને ઉમંગભર્યા માહોલમાં યોજાઈ ગઈ હતી. આ સભામાં સભાસદોના હિતમાં લોન મર્યાદા વધારવા તેમજ ટેકનોલોજીના ઉપયોગ અંગેના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.શહેરા તાલુકાના મોરવા રેણા ખાતે ધી શહેરા તાલુકા સરકારી ખાતાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી. મોરવા રેણાની ૮મી વાર્ષિક સાધારણ સભાની શરૂઆતમાં અધ્યક્ષની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં જીગ્નેશભાઈ દ્વારા રજૂ કરાયેલી દરખાસ્તને ઉમેશભાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ સંસ્થાના વડા અને ચેરમેન રાજેશભાઈએ સભામાં ઉપસ્થિત તમામ સભાસદોનું શબ્દોથી ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રગતિના પંથે સહભાગી રહેલા ૧૩ જેટલા નિવૃત્ત સભાસદોનું પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટો આપીને વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.ભરતભાઈ પટેલે ગત સભાની કાર્યવાહી વાંચી સંભળાવી હતી. જેને હાજર સભાસદોએ બહાલી આપી હતી. ત્યારબાદ મંડળીનું નફા-નુકસાન પત્રક તેમજ આવક-જાવકનો વાર્ષિક હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. જેને સભ્યોએ સર્વાનુમતે મંજૂર કર્યો હતો.સભાસદો સંસ્થાની કામગીરીથી અવગત રહે અને પોતાના હિસાબો કોઈપણ સમયે મોબાઈલમાં જાતે જ જોઈ શકે તે માટે ‘એપએક્સ સોસાયટી સોફ્ટવેર’ નામની ખાસ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. આ ડિજીટલ પહેલને તમામ સભાસદોએ તાળીઓના ગડગડાટ સાથે હર્ષભેર વધાવી લીધી હતી. સંસ્થાના ચેરમેન રાજેશભાઈએ મંડળીની સ્થાપનાથી લઈને આજ સુધીના સંઘર્ષો અને હાંસલ કરેલી સફળતાઓની વિગતવાર રૂપરેખા સભાસદો સમક્ષ રજૂ કરી હતી. સાથે લોન મર્યાદા ચાર લાખની હતી. તેને વધારીને છ લાખ વધારવામાં આવી હતી. આગામી આયોજનોની ચર્ચા કરી નવા નિમણૂક પામેલા શિક્ષક મિત્રોને પણ આ મંડળીમાં સભાસદ તરીકે જોડાવા માટે આહવાન કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન થયા બાદ અંતમાં ભરતભાઈ પટેલ અને ઉમેશભાઈ મંગળભાઈ માછી દ્વારા સભાના અધ્યક્ષ, ચેરમેન તેમજ ઉપસ્થિત તમામ શિક્ષકો અને સભાસદોનો આભાર વ્યક્ત કરતી આભાર વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ સભ્યોએ સાથે મળીને પ્રીતિભોજન લેતાં આ ૮મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન થઈ હતી.

# ગોધરા કાજીવાડા PHCમાં પોલિયો રસીકરણમાં ઉપપ્રમુખની ઉપસ્થિતિમાં ૦-૫ વર્ષના બાળકોને રસી અપાઈ



ગોધરા,

ગોધરા શહેરના કાજીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ભારત સરકારના SNDI પ્રોગ્રામ અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકો માટે પોલિયો રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગોધરા નગરપાલિકાના ઉપપ્રમુખ ઈશાંતભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપપ્રમુખ ઈશાંતભાઈ સોનીએ બાળકોને પોલિયો જેવી ગંભીર બીમારીથી સુરક્ષિત રાખવા માટે રસીકરણના મહત્વ અંગે માહિતી આપી હતી. તેમણે વાલીઓ અને નાગરિકોને પોતાના તેમજ આસપાસના તમામ બાળકોનું સમયસર રસીકરણ કરાવી પોલિયો મુક્ત ભારતના સંકલ્પને મજબૂત બનાવવામાં સહભાગી બનવા અપીલ કરી હતી.આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારીઓ, આરોગ્ય કર્મચારીઓ, આશા વર્કરો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય કર્મચારીઓ દ્વારા બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી રસીકરણની કામગીરી કરવામાં આવી હતી.

પોલિયો જેવી ગંભીર બીમારીને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતા રસીકરણ અભિયાનમાં દરેક નાગરિકનો સહકાર અત્યંત આવશ્યક છે. સ્વસ્થ અને સુરક્ષિત બાળપણ વિકસિત ભારતના પાયા સમાન છે.

# ગોધરામાં ૫ એકમો ફાયર સેફ્ટી નિયમોનું ઉલ્લંઘન પાંચ પકડાયા

**સરકારી ITI, હોસ્પિટલો સહિત ૨૦થી વધુ એકમોમાં તપાસ કરાઈ.**





ગોધરા,

લખનઉમાં બનેલી આગની દુર્ઘટના બાદ ગોધરા ફાયર વિભાગ સક્રિય બન્યું છે. જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. આ કાર્યવાહી અંતર્ગત ૨૦થી વધુ એકમોમાં ફાયર સેફ્ટીના સાધનોની કડક ચકાસણી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ગોધરાની સરકારી ITI, જાણીતી હોસ્પિટલો અને ટ્યુશન કલાસીસ સહિતના એકમોનો સમાવેશ થાય છે. આ ચકાસણીમાં ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરતા પાંચ એકમો સામે તંત્રએ કડક પગલાં લીધા છે. નિયમોનું પાલન ન કરનારા ગોધરા ITI સહિતના પાંચ મોટા એકમોને ફાયર વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી નોટિસો ફટકારવામાં આવી છે.ફાયર વિભાગની આ અચાનક અને કડક કાર્યવાહીના પગલે લાયસન્સ વગર કે નિયમો વિના ચાલતી હોસ્પિટલો અને અન્ય સંસ્થાઓના સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ફાયર વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આગામી દિવસોમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન નહીં કરનારા એકમોને સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

# શહેરા પોલીસ મથકના અપહરણ ગુનામાં વોન્ટેડ આરોપીને ગાંધીનગરના સરગાસણથી ઝડપ્યો

શહેરા,

શહેરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના ગંભીર ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા મુખ્ય આરોપીને પોલીસે ટેકનિકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સીસની મદદથી ગાંધીનગરના સરગાસણ ખાતેથી દબોચી લીધો હતો. પોલીસે આરોપીની અટકાયત કરવાની સાથે ભોગ બનનારને પણ હેમખેમ શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી તથા પંચમહાલના ઈન્ચાર્જ પોલીસ અધીક્ષક સફીન હસન દ્વારા જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ આદેશોના પગલે પેરોલ ફ્લો સ્કવોડના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. વાઘેલા અને પો.સ.ઈ. બી.એમ. રાઠોડના નેતૃત્વમાં એક વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો.પેરોલ ફ્લો સ્કવોડના આ.હે.કો. રમેશભાઈ વાઘજીભાઈને ચોક્કસ હ્યુમન સોર્સીસ અને આધુનિક ટેકનિકલ એનાલીસીસના માધ્યમથી એક મહત્વની બાતમી મળી હતી જેમાં શહેરા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ કલમ-૧૨ મુજબના અપહરણના ગુનાનો આરોપી પ્રીતેશ ઉર્ફે સચીન જુવાનસિંહ બારીયા રહે. વાઘજીપુર મતિયા ફળિયું, તા. શહેરા, જી. પંચમહાલ હાલ ગાંધીનગર જીલ્લાના મોજે-સરગાસણ ખાતે છુપાયેલો છે. ચોક્કસ માહિતી મળતાની સાથે જ પેરોલ ફ્લો સ્કવોડની ટીમ તુરંત એક્શનમાં આવી હતી અને ગાંધીનગરના સરગાસણ ખાતે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી પ્રીતેશ ઉર્ફે સચીન બારીયાને રાઉન્ડઅપ કરી હસ્તગત કર્યો હતો. આ સાથે જ ગુનામાં ભોગ બનનાર સગીરાને પણ શોધી કાઢવામાં આવી હતી.પોલીસે આરોપી અને ભોગ બનનાર બંનેને શહેરા પોલીસ સ્ટેશન ખાતે લાવી આગળની કાયદાકીય તપાસ અને કલમો હેઠળની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસને સોંપવાની તજવીજ પૂર્ણ કરવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.262